# STD. : 10 ગુજરાતી

## PAPER-1

**સૂચના :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો છે.
- દરેક વિભાગના 20 ગુણ છે.
- જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરીક છે.

## વિભાગ - A

**(ગદ્ય વિભાગ)**

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) ડાંગવનો અને.. | (અ) ચરિત્રનિબંધ |
| (2) ગતિભંગ | (બ) લોકકથા |
| (3) વિરલ વિભૂતિ | (ક) પ્રવાસનિબંધ |
| (4) ઘોડીની સ્વામીભક્તિ | (ડ) લઘુકથા |
| | (ઈ) નવલકથા-ખંડ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) 'ભૂલી ગયા પછી' પાઠમાં ________ કવિની પંક્તિનો ઉલ્લેખ છે. (અકબર, ગની, ઈક્બાલ)

(2) અંકિતે ________ નામની યુવતી સાથે લગ્ન કર્યા હતા ? (નંદા, ચંદા, વંદના)

(3) જવાહરલાલ નહેરુનું મૂળ વતન ________ છે. (ગુજરાત, કાશ્મીર, કર્ણાટક)

(4) આંબા પટેલના દીકરાનું નામ ________ છે. (ગણેશ, મહેશ, નરેશ)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (2)**

(1) 'ડાંગવનો અને..' કૃતિમાં લેખકે કયા કવિની પંક્તિઓનો વારંવાર ઉપયોગ કર્યો છે ?

(2) અંકિતના પિતાનું મૃત્યુ કેવી રીતે થયું હતું ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે) (4)**

(1) 'જન્મોત્સવ' વાર્તાનું સમાપન શેનો સંકેત આપે છે ?

(2) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે....

(3) શ્રીમદમાં પરહિત અને પરોપકારની ભાવના હતી દર્શાવતો પ્રસંગ વર્ણવો.

**(ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (6) (ગમે તે બે)**

(1) જીવલાનું પાત્રાલેખન કરો.

(2) 'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાના આધારે કાળુનું પાત્રાલેખન કરો.

(3) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

## વિભાગ - B

**(પદ્ય વિભાગ)**

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| કૃતિ | કર્તા |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) અશોક ચાવડા |
| (2) વતનથી વિદાય થતાં | (બ) કલાપી |
| (3) હું એવો ગુજરાતી | (ક) જયંત પાઠક |
| (4) શિકારીને | (ડ) નરસિંહ મહેતા |
| | (ઈ) વિનોદ જોશી |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) મુરલી ઠાકુરનો ________ નામનો અભ્યાસગ્રંથ પ્રસિધ્ધ છે ? (અમૃતવાણી, ગાંધીવાણી, બન્ને)

(2) 'ચાંદલિયો' લોકગીતનું સંકલન ________ છે. (પગરવ તળાવમાં, પગલાં તળાવમાં, રઢિયાળી રાત)

(3) એક પ્રહર એટલે ________ કલાકનો સમય. (3,9,6)

(4) નરસિંહ મહેતાની કર્મભૂમિ ________ છે ? (ભાવનગર, જૂનાગઢ, જામનગર)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (2)**

(1) શીલવંત સાધુના ચિત્તની વૃત્તિ કેવી હોય છે ?

(2) દીકરીની સમજણ વિસ્તરી છે તેવું કયા કારણે કહી શકાય ?

**(ડ) નીચેના પ્રશ્નોના ત્રણ ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ બે) (4)**

(1) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે ?

(2) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ રચિત હાઈકુનો ભાવાર્થ સમજાવો.

(3) 'સૂર, શરણાઈ, સગાસંબંધીઓની ભીડમાં, ભીની પલક' શબ્દો શું સૂચવે છે ?

**(ઈ) નીચેના પ્રશ્નોના આઠ દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈપણ બે) (6)**

(1) નરસિંહ મહેતા વૈષ્ણવજનના કયાં કયાં લક્ષણો જણાવે છે, તે તમારા શબ્દોમાં વર્ણવો.

(2) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં કયાં કારણોસર અનુભવે છે ?

(3) સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ ચાંદલિયો લોકગીતના આધારે વર્ણવો.

## વિભાગ - C

**માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)**

**આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) નીચેની બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. (1)

આવીર્ભાવ ( આવીરભાવ. આવિર્ભાવ, આર્વિભાવ )
મ્યુનીસીપાલીટી (મ્યુનિસીપાલીટી, મ્યુનિશીપાલીટી, મ્યુનિસિપાલિટી)

(2) 'નિઃ + વિવાદ શબ્દની સાચી સંધિ જોડો. (1)
(નિર્વિવાદ, નિસવિવાદ, નિરવિવાદ)

(3) 'દેશપ્રેમ' શબ્દનો સમાસ ઓળખાવો. (1)
(તત્પુરુષ સમાસ, મધ્યમપદ લોપી સમાસ, ઉપપદ સમાસ)

(4) જોડણીભેદ અર્થભેદ શોધીને લખો. (1)
(1) અપેક્ષા - (તિરકાર, ઈચ્છા, અવગણના)
(2) ઉપેક્ષા - (ઈચ્છા, તિરસ્કાર, આશા)

(5) વર્ષા તમારી રાહ જુએ છે - વાક્યમાં અલંકારનો પ્રકાર જણાવો. (1)
(શ્લેષ અલંકાર, રૂપક અલંકાર, ઉપમા અલંકાર)

(6) 'ઉપગ્રહ' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે. (1)
(પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એકપણ પ્રત્યય નહિ.)

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. (1)
મોર (કલાપી, કલગી, કરણ)
નિર્મળ (નિશુદ્ધ, નિર્મમ, શુદ્ધ)

(8) 'કુટુંબ' સંજ્ઞાનો સાચો પ્રકાર લખો. (1)
(જાતિવાચક, સમૂહવાચક, ક્રિયાવાચક)

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. (1)
અડવડિયું ખાવું

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. (1)
બાંધી મુઠ્ઠી લાખની

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (1)
ઘોડેસવાર જેમાં પગ રાખે તે કડું

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. (1)
આશિષ

(13) કર્મણિ વાક્ય બનાવો. (1)
ડોસી ખોખરા કર્કશ અવાજે બબડી.

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. (1)
ભરૂહો

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
સંજયે કીમતી ઘડિયાળ ભેટ આપી.

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
ધરતી પર મોતનો વરસાદ વરસી રહ્યો.

(17) 'પ્રાયશ્ચિત' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. (1)

(18) નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો. (1)
નવી છત્રી પર કારીગરે નામ, સરનામું, ટેલિફોન નંબર લખ્યાં.

(19) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. (1)
અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા !

(20) મંદાક્રાન્તા છંદનું બંધારણ જણાવો. (1)

## વિભાગ - D

**(અ) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** (4)

કડવા હોય લીમડા, પણ શીતળ તેની છાંય,
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

અથવા

ઝેરનું અમૃત બનાવી દઉં પરંતુ મુજ કને,
પ્રીત મીરાંની નથી, નરસિંહનું કીર્તન નથી.

(બ) તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. (4)

(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. (4)

શિસ્તના બે પ્રકાર છે. સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત.'સોટીવાગે ચમચમ વિદ્યા આવે ધમધમ' એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે, પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પળાવવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી-વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો અમેરિકા અને ઈંગ્લેન્ડની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ મિલકતનું નુકસાન હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તના જ પરિણામ છે. શિસ્તને સદ્‌વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે.

**(ડ) ગમે તે એક વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો.** (8)

નારી તું નારાયણી

મુદ્દા : પ્રસ્તાવના-પરતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે અટવાતું નારીજીવન-ભારતમાં સ્ત્રીઓની ચડતી-પડતીનો ઈતિહાસ-ભારતમાં સ્ત્રી શક્તિની પશ્ચિમીકરણના નામે ફેલાતાં અનિષ્ટો-ભારતની નારી જાગૃતિ-નારાયણી બને !

અથવા

મોંઘવારીનું વિષચક્ર...

મુદ્દા : પ્રસ્તાવના-મોંઘવારી શું છે ?-મધ્યમ વર્ગના માનવીની હાલાકી-મોંઘવારીની સમસ્યાઓ-મોંઘવારી ડામવાના પ્રયત્નોમાં નિષ્ફળતા-ઉપસંહાર

અથવા

આતંકવાદની સમસ્યા :

મુદ્દા : પ્રસ્તાવના-ભારતના સ્વાતંત્ર્યતર કાળની સૌથી વિકટ સમસ્યા - આતંકવાદીઓ દ્વારા આચરાતા નિર્દય કૃત્યો-તાલીમબદ્ધ આતંકવાદીઓ પાસે અદ્યતન શસ્ત્ર સરંજામ-વિશ્વભરની પ્રજાનો વિરોધ-ઉપસંહાર.